भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

Vee aar life space LLP
606 Lalbhai Contractor Complex, Nanpura, Surat.

Date: 13-08-2018
Valid Upto: 12-08-2026

No Objection Certificate for Height Clearance

1. This NOC is issued by Airports Authority of India (AAI) in pursuance of responsibility conferred by and as per the provisions of Govt. of India (Ministry of Civil Aviation) order GSR751 (E) dated 30th Sep. 2015 for Safe and Regular Aircraft Operations.

2. This office has no objection to the construction of the proposed structure as per the following details:

NOC ID :	**SURA/WEST/B/040318/294363**
Applicant Name*	**Mukesh Pandav**
Site Address*	**T.P.S.No. - 05 (Vesu-Bhimrad), Old R.S.No.-170, 191, 192, New R.S.No.- 150/3, F.P.No.-71 (As Per T.R.) 81 (As Per Draft), O.P.No.-71, Bldg.-A, Moje-Vesu, Tal.-Surat City, Dist.-Surat.,Surat City,Surat,Gujarat**
Site Coordinates*	**72 47 07.85-21 08 37.12, 72 47 07.94-21 08 36.57, 72 47 08.91-21 08 37.28, 72 47 09.01-21 08 36.74**
Site Elevation in mtrs AMSL as submitted by Applicant*	**8.99 M**
Permissible Top Elevation in mtrs Above Mean Sea Level(AMSL)	**53.84 M (Restricted)**

*As provided by applicant

3. This NOC is subject to the terms and conditions as given below:

a. Permissible Top elevation has been issued on the basis of Site coordinates and Site Elevation submitted by Applicant. AAI neither owns the responsibility nor authenticates the correctness of the site coordinates & site elevation provided by the applicant. If at any stage it is established that the actual data is different, this NOC will stand null and void and action will be taken as per law. The office in-charge of the concerned aerodrome may initiate action under the Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules, 1994"

b. The Site coordinates as provided by the applicant in the NOC application has been plotted on the street view map and satellite map as shown in ANNEXURE. Applicant/Owner ensure that the plotted coordinates corresponds to his/her site.In case of any discrepancy,Designated Officer shall be requested for cancellation of the NOC

c. The Structure height (including any superstructure) shall be calculated by subtracting the Site elevation in AMSL from the Permissible Top Elevation in AMSL i.e. Maximum Structure Height = Permissible Top Elevation minus (-) Site Elevation.

d. The issue of the 'NOC' is further subject to the provisions of Section 9-A of the Indian Aircraft Act, 1934 and any notifications issued there under from time to time including the Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules,1994.

महाप्रबंधक (ए.टी.एम.) प.क्षे.
GM (ATM) WR

e. No radio/TV Antenna, lighting arresters, staircase, Mumtee, Overhead water tank and attachments of fixtures of any kind shall project above the Permissible Top Elevation of 53.84 M (Restricted) , as indicated in para 2.

f. Only use of oil fired or electric fired furnace is permissible, within 8 KM of the Aerodrome Reference Point.

g. The certificate is valid for a period of 8 years from the date of its issue.One time revalidation without assessment may be allowed, provided construction work has commenced,subject to the condition that such request shall be made within the validity period of the NOC and the delay is due to circumstances which are beyond the control of the developer.

h. No light or a combination of lights which by reason of its intensity, configuration or colour may cause confusion with the aeronautical ground lights of the Airport shall be installed at the site at any time, during or after the construction of the building. No activity shall be allowed which may affect the safe operations of flights

i. The applicant will not complain/claim compensation against aircraft noise, vibrations, damages etc. caused by aircraft operations at or in the vicinity of the airport.

j. Day markings & night lighting with secondary power supply shall be provided as per the guidelines specified in chapter 6 and appendix 6 of Civil Aviation Requirement Series B Part I Section 4, available on DGCA India website: www.dgca.nic.in

k. The applicant is responsible to obtain all other statutory clearances from the concerned authorities including the approval of building plans. This NOC for height clearances is to ensure the safe and regular aircraft operations and shall not be used as document for any other purpose/claim whatsoever, including ownership of land etc.

l. This NOC has been issued w.r.t. the Civil Airports. Applicant needs to seek separate NOC from Defence, if the site lies within their jurisdiction.

m. In case of any discrepancy/interpretation of NOC letter, English version shall be valid.

n. In case of any dispute w.r.t site elevation and/or AGL height, top elevation in AMSL shall prevail.

भारतीय विमानपत्तन प्राधिकरण
महाप्रबंधक (ए.टी.एम.) प.क्षे.
GM (ATM) WR
Airports Authority of India

Chairman NOC Committee

Region Name: WEST

Address: General Manager Airports Authority of India, Regional Headquarter, Western Region, Opp. Parsiwada, Sahar Road, Vale Parle (E) MUMBAI-400099

Email ID: nocwr@aai.aero

Contact No: 022-28300656

[signature] 13/8/18
मूसा टी. एफ. / MOOSA T. F.
महाप्रबंधक (ए.टी.एम.), पश्चिमी क्षेत्र
General Manager (A.T.M.), Western Region
भारतीय विमानपत्तन प्राधिकरण/ Airports Authority of India
मुम्बई / Mumbai - 400 099

	Name / Designation / Sign with Date
Prepared By :	[signature] (S.B. Sawant) 13/08/18
Verified By :	P.K. Sinha AGM (ATM) 13/08/18

SURA/WEST/B/040318/294363.

ANNEXURE 294363

Distance From Nearest Airport And Bearing

Airport Name	Distance (Meters) from the Nearest Runway	Bearing (Degree)
Surat	5465.98	56.86

Street view



April 3, 2018

1:3,359

0 0.03 0.06 0.11 mi

0 0.04 0.09 0.18 km

Sources: Esri, HERE, Garmin, USGS, Intermap, INCREMENT P, NRCan, Esri Japan, METI, Esri China (Hong Kong), Esri Korea, Esri (Thailand), NGCC, © OpenStreetMap contributors, and the GIS User Community

AAI

Satellite View

April 3, 2018

1:3,359

0 0.03 0.06 0.11 mi

0 0.04 0.09 0.18 km

Source: Esri, DigitalGlobe, GeoEye, Earthstar Geographics, CNES/Airbus DS, USDA, USGS, AeroGRID, IGN, and the GIS User Community

ક્રમાંક: એ/બખપ/રી.એસ.આર.નં.૩૨૮/૧૩/(G)ID NO.10586/
વશી.૩૬૬૯ થી ૩૬૮૦/૧૪
બી-બ્લોક, પાંચમો માળ, ચીટનીશ શાખા, કલેકટર કચેરી,
જિલ્લા સેવા સદન-૨, અઠવા લાઇન્સ, સુરત.
તા.૨૬/૧૨/૨૦૧૪

વાંચનમાં લીધુ:-

૧. અરજદાર જમીનધારકોશ્રી રાજેશભાઈ હીરાભાઈ વિગેરે રહે. બી-૧, વનિતા રેસીડેન્સી, અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરતની તા.૧૮/૦૪/૨૦૧૩ ની અરજી.

૨. અત્રેની કચેરીનાં વહીવટી શાખાનાં પત્ર નં.એલ.એ.ક્યૂ/વશી./૧૨/એસ.આર.નં.૯૯૮/૧૨ તા.૦૪/૧૨/૨૦૧૨.

૩. અત્રેની કચેરીનાં યુ.એલ.સી. શાખાનાં પત્ર નં.યુ.એલ.સી/૬(૧)/વેસું/અભિપ્રાય/વશી.૧૩૬૯/૧૨ તા.૧૬/૧૦/૨૦૧૨.

૪. મામલતદારશ્રી સુરત સીટી ના શેરા પત્ર નં.જમન/કલમ-૬૬/રજી નં.૧૦૭/૧૨/વશી.૨૮૭૬/૨૦૧૩ તા.૧૮/૦૩/૨૦૧૩.

૫. મદદનીશ નગર નિયોજકશ્રી શહેરી વિકાસ સત્તા મંડળ સુરતનાં તા.૨૯/૦૮/૨૦૧૨ ના ઝોનીગ સર્ટી ક્રમાંક:સુડા/ટેક/ઝો.સર્ટી/૨૩૫૬/૨૦૧૨.

૬. સુરતમહાનગર પાલિકા સુરતમાં અરજદારે વિકાસ પરવાનગી મેળવવા કરેલ અરજી અન્વયે ભરેલ ચકાસણી ફી તથા રસ્તા રોકાણ ડીપોઝીટ અંગેની રસીદ તા.૨૮/૦૮/૨૦૧૨ ની નકલ.

૭. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક:બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૦૮.

૮. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક:એલઆરસી/૧૦-૨૦૦૨/૧૬૪૦/ક તા.૨૨/૦૪/૦૩.

૯. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં જાહેરનામા ક્રમાંક: જીએચએમ/૨૦૦૮/૨૨/એમ/એલઆરઆર/૧૦/૨૦૦૨/ ૧૬૪૦(૧)(કે) તા.૨૯/૦૩/૨૦૦૮.

૧૦. અરજદારશ્રીએ સરકારશ્રીની જોગવાઇ અનુસાર જમા કરાવેલ રૂપાંતર કર અન્વયે રજુ કરેલ ચલણ નંબર ૧૧૦/૨૦૧૪ તા.૧૩/૧૦/૨૦૧૪.

હુકમ :-

આ કામની હકીકત એવી છે, કે આમુખ-૧ માં જણાવેલ અરજદાર જમીનધારકોશ્રી રાજેશભાઈ હીરાભાઈ વિગેરે રહે. બી-૧, વનિતા રેસીડેન્સી, અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરતએ તેમની તા.૧૮/૦૪/૨૦૧૩ ની અરજીથી તેઓએ ધારણ કરેલી મોજે.વેસું, તા.સુરત સીટી, જી.સુરતનાં સ.નં.૧૫૦/૩ ની ક્ષેત્રફળ હે.૦-૬૨-૦૦ ચો.મી. ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫ (વેસું-ભીમરાડ) ફા.પ્લોટ નં.૮૧ ની ૪૩૪૩-૦૦ ચો.મી વાળી જમીનમાં રહેણાંકનાં હેતુ માટે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મળવા માંગણી કરેલ છે.

અરજદાર જમીનધારકોએ તેમની અરજી સાથે તેઓએ ધારણ કરેલી મજકુર **મોજે.વેસું**, તા.સુરત સીટી જી.સુરતનાં સ.નં.૧૫૦/૩, ની ક્ષેત્રફળ હે.૦-૬૨-૦૦ ચો.મી જમીનની સને ૨૦૧૨-૧૩ ના વર્ષની રજુ કરેલ ૭/૧૨ માં કબ્જેદાર તરીકે આ કામનાં અરજદાર જમીનધારકોશ્રી (૧) નટુભાઇ નારણભાઇ રહે.એ-૭૧, પૂર્વી સોસાયટી, હીરાબાગ, વરાછા રોડ, સુરત (૨) માવજીભાઇ પ્રેમજીભાઇ રહે. ૧૧૩, આદર્શ સોસાયટી, અઠવા લાઇન્સ, સુરત (૩) રાજેશભાઈ હીરાભાઈ (એચ.યુ.એફ) રહે. બી-૧, વનિતા રેસીડેન્સી, અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરતના સંયુક્ત નામે ચાલી આવેલ છે. આ જમીન આ કામનાં અરજદાર જમીનધારકોએ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૮૯૧ તા.૦૬/૦૩/૨૦૦૬ થી વેચાણ રાખી હોવાનું રજૂ કરેલ ફેરફાર નોંધ નં.૪૧૭૫ તા.૨૯/૦૫/૦૬ ની નકલથી ખાત્રી કરતાં જણાય આવે છે.

Scanned by CamScanner

આ જમીનને ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫ (વેસું-ભીમરાડ) લાગુ પડતાં ફા.પ્લોટ નં.૮૧ ની ૪૩૪૩-00 ચો.મી. જમીન ફાળવેલ હોવાનું રજુ કરેલ મજકુર ડ્રા.ટી.પી.સ્કીમનાં ફોર્મ-"એફ" ની નકલથી ખાત્રી કરતા જણાય આવે છે.

આમુખ-૨ માં જણાવેલ અત્રેની કચેરીનાં વહીવટ શાખાનાં જમીન સંપાદન દફતરેથી ખાત્રી કરાવી અહેવાલ મેળવતાં આ જમીન અંગે જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ હાલમાં કોઇ કાર્યવાહી ચાલતી નથી. તેમ જણાવેલ છે.

આમુખ-૩ માં જણાવેલ અત્રેની કચેરીનાં યુએલસી શાખાએ તેમનાં તા.૧૬/૧૦/૨૦૧૨ ના પત્રથી રજુ કરેલ અહેવાલમાં જણાવેલ વિગતે જમીનધારકશ્રી ઠાકોરભાઈ નાથુભાઈ પટેલ તરફથી શહેરી જમીન ટોચમર્યાદા ધારાની કલમ-૬(૧) હેઠળ ભરેલ જાહેરાતપત્રકમાં મોજે.વેસુના સ.નં.૨૫૦ ની ૬૧૭૧-00 ચો.મી જમીન સહિત તેમની અન્ય જમીન/મિલકતની જાહેરાત કરવામાં આવેલ. શહેરી જમીન ટોચ મર્યાદા ધારાની જોગવાઈ અનુસાર સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી (યુ.એલ.સી) સુરતના તા.૦૭/૦૬/૯૧ ના હુકમથી પ્રશ્નવાળી જમીન ખેતીઝોનમાં આવેલ હોવાથી તથા ખેતી થતી હોય, જાહેરતદારશ્રીના હોલ્ડીંગમાથી બાદ આપવામાં આવેલ તથા જમીનધારકશ્રીની અન્ય જમીનો તા.૦૭/૦૬/૯૧ ના હુકમથી ફાજલ જાહેર કરવામાં આવેલ. દરમ્યાન સક્ષમ અધિકારીના તા.૦૭/૦૬/૧૯૯૧ નો હુકમ સરકારશ્રીએ અધિનિયમની કલમ-૩૪ હેઠળ ફેરતપાસમાં લઈ સરકારશ્રીના મહેસૂલ વિભાગના હુકમ ક્રમાંક.યુએલસી/૩૪૯૪/૨૪૪/૪૬૯૯ /વ.3, તા.03/0૨/૧૯૯૪ થી મનાઈ હુકમ આપવામાં આવેલ. ત્યારબાદ ખાસ ફરજ પરના અધિકારીશ્રી (સમીક્ષા એકમ) ગાંધીનગરે તેમના તા.૨૯/૦૮/૧૯૯૬ ના પત્ર ક્રમાંક.શ.જ.ટો.મ./સુરત/ક્રોસ અપીલ/રજી.કે.નં.૫/૯૬ થી જ્મીનધારકે શ.જ.પંચ અમદાવાદ ખાતે વિવાદ અપીલ નં.સુરત ૨૮/૯૪ દાખલ કરેલ તેની સામે સરકારશ્રી પક્ષે ક્રોસ અપીલ દાખલ કરવા સૂચના આપતા, સક્ષમ અધિકારીશ્રીએ તેમના તા.૦૯/૦૯/૯૬ ના પત્રથી નામ.શ.જ.પંચ ને ક્રોસ અપીલ દાખલ કરવા દરખાસ્ત સાદર કરવામાં આવેલ. સક્ષમ અધિકારી અને અધિક કલેકટરશ્રી (યુ.એલ.સી) સુરત દ્વારા નામ.શ.જ.પંચ, અમદાવાદ સમક્ષ સરકારશ્રીની સૂચના અનુસાર ક્રોસ અપીલ ૩૧/૯૬ દાખલ કરવામાં આવેલ. જે અંગે નામ.શ.જ.પંચે તેમના તા.૨૬/૧૧/૯૬ ના હુકમથી સબંધકર્તાની અપીલ રદ કરી સરકારશ્રીની ક્રોસ અપીલ માન્ય રાખી મુળ જ્મીનધારકને જે તે મુદ્દા અંગે અધિકૃત પુરાવા રજૂ કરવા માટે એક તક આપી નવેસરથી કાયદાની જોગવાઈ અનુસાર નિર્ણય કરવા વિવાદ અરજીનો સક્ષમ અધિકારી અને અધિક કલેકટરશ્રીને રીમાન્ડ કરવામાં આવેલ. ઉકત કાર્યવાહી/હુકમો સાથે જ્મીનધારકે નામ.ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૩૧૦/૯૭ દાખલ કરતાં તા.૧૨/0૨/૧૯૯૭ ના હુકમથી સંકળાયેલ હુકમોના અમલ સામે મનાઈ હુકમ/એક તરફી વચગાળાની રાહત પીટીશનરને આપેલ. નામ. ગુજરાત હાઈકોર્ટે તા.૨૫/0૨/૯૭ ના રોજ નિર્ણય લઈ મેરીટ આધારે કેસ ફરી ચલાવવા શહેરી જમીન પંચશ્રી ને રીમાન્ડ કરવામાં આવેલ. જે અંગે નામદાર શહેરી જમીન પંચે અપીલ ક્રમાંક.સુરત-૨૬/૯૭ લીંક વીથ ક્રોસ અપીલ ક્રમાંક.૨૭/૯૭ દાખલ કરી નવેસરથી કાર્યવાહી હાથધરી છેવટના તા.૨૮/૦૯/૯૮ ના હુકમથી અપીલ ક્રમાંક સુરત-૨૬/૯૭ અંશતઃ ગ્રાહ્ય રાખી, ક્રોસ અપીલ નં.૨૭/૯૭ નામંજુર કરી, નવેસરથી કાર્યવાહી કરી જમીનધારકને રજુઆત કરવાની તક આપવા સક્ષમ અધિકારીનો વાદગ્રસ્ત તા.૦૭/૦૬/૧૯૯૧ નો હુકમ રદ કરવામાં આવેલ. અને કેસ રીમાન્ડ કરવા હુકમ કરવામાં આવેલ. ઉપરોકત નામદાર શહેરી જમીન પંચશ્રીનો તા.૨૮/૦૯/૧૯૯૮ નો હુકમ સરકારશ્રીએ અધિનયમની કલમ-૩૪ હેઠળ ફેરતપાસમાં લઈ, ખાસ ફરજ પરના અધિકારીશ્રી(સમીક્ષા એકમ) મહેસૂલ વિભાગ ગાંધીનગરના તા.૨૨/૦૧/૧૯૯૯ ના પત્રથી શહેરી જમીન પંચશ્રીનો તા.૨૮/૦૯/૧૯૯૮ નો હુકમ યોગ્ય ઠરાવી, કેસ પેપર્સ પરત મોકલી આપેલ છે. જે અંગે સક્ષમ અધિકારીશ્રી તરફથી આ કેસમાં નવેસરથી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તે દરમ્યાન રાજ્ય સરકારશ્રીએ શહેરી જમીન ટોચ મર્યાદા ધારો તા.30/03/૧૯૯૯ ના રોજથી રદ કરી, રીપીલ એકટ-૧૯૯૯ અમલમાં આવતા અધિનિયમની કલમ-૮(૪) ની કાર્યવાહી પૂર્ણ થઈ શકેલ નથી. સબબ, શહેરી જમીન ટોચ મર્યાદા ધારો તા.30/3/૧૯૯૯ ના રોજ રદ થવાના સમય સુધીમાં પ્રશ્નવાળી જમીન વધારાની ફાજલ જાહેર થયેલ જમીનનો સરકાર હસ્તક કબ્જો લેવાયેલ નથી જેથી મોજે. મોજે.વેસું, તા.સુરત સીટી જી.સુરતનાં રે.સ.નં.૧૫૦/૩, ક્ષે.0-૬૨-00 ચો.મી ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫ (વેસું-ભીમરાડ) ફા.પ્લોટ

Scanned by CamScanner

નં.૮૧ ની ૪૩૪૩-૦૦ ચો.મી વાળી જમીનમાં રહેણાંકનાં હેતુ માટે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૬ હેઠળ બિનખેતી પરવાનગી આપવા બાબતે પ્રવર્તમાન કાયદાની જોગવાઈ અનુસાર ઉપરોકત હકીકત ધ્યાને લઈ યોગ્ય તે આગળની કાર્યવાહી થવા અભિપ્રાય આપેલ છે.

આમુખ-૪ માં જણાવેલ મામલતદારશ્રી સુરત સીટીએ તેમના તા.૧૮/૦૩/૨૦૧૩ ના શેરા પત્રથી આ જમીનની સ્થળ ખરાઇ કરી રજુ કરેલ અહેવાલમાં જણાવેલ વિગતે મોજે.વેસું, તા.સુરત સીટી, જી.સુરતનાં સ.નં.૧૫૦/૩, ક્ષેત્રફળ હે.૦-૬૨-૦૦ ચો.મી. ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫ (વેસું-ભીમરાડ) ફા.પ્લોટ નં.૮૧ ની ૪૩૪૩-૦૦ ચો.મી. વાળી જમીન સ્થળે ખુલ્લી છે. બાંધકામ કરવામાં આવેલ નથી.મજકૂર જમીનના આકાશી ભાગમાંથી ઈલેકટ્રીક હાઈટેન્શન લાઇન પસાર થાય છે. અસલ રેકર્ડથી ખાત્રી કરી આ જમીન જુની શરતની હોય પ્રિમિયમનો પ્રશ્ન નથી અને અરજદારે અરજી કર્યાની તારીખે વેચાણ હકકે ધારણ કરતા હોવાનું ટાઇટલ કલીયર પ્રમાણપત્ર આપેલ છે અને અરજદારને તેમની માંગણી મુજબની રહેણાંકનાં હેતુ માટે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ હેઠળ બીનખેતી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આમુખ-૫ માં જણાવેલ મદદનીશ નગર નિયોજકશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરતએ આપેલ ઝોનીગ સર્ટીફીકેટ લક્ષમાં લેતા, મજકુર મોજે.વેસું, તા.સુરત સીટી, રે.સ.નં.૧૫૦ વાળી જમીન રેસિડેન્સીયલ ઝોનમાં આવે છે. તથા સદર જમીનમાથી ૬૦-૦૦ મી નો સૂચિત રસ્તો પસાર થાય છે.

આમુખ-૬ માં જણાવેલ વિગતે અરજદારે આ જમીનમાં વિકાસ પરવાનગી મેળવવા માટે સુરત મહાનગરપાલિકા, સુરતની કચેરીમાં કરેલ અરજીનાં સંદર્ભે ભરેલ ચકાસણી ફી તથા રસ્તા રોકાણ ડિપોઝીટની રસીદ નં.૩૪૪૪૩૪, તથા ૩૪૪૧૭૫ તા.૨૮/૦૮/૨૦૧૨ ની નકલ રજુ કરેલ છે.

આમ ઉપરોકત સમ્રગ હકીકત ધ્યાને લેતાં તથા સંબંધિત જે તે કાયદાતળેના અમલીકરણ અધિકારીશ્રીઓ ધ્વારા આપેલ સાનુકુળ અભિપ્રાયો સહિતની વિગતો લક્ષમાં લેતાં, આ કામનાં અરજદાર જમીનધારકોને તેઓએ ધારણ કરેલી મજકુર મોજે.વેસું, તા.સુરત સીટી, જી.સુરતનાં સ.નં.૧૫૦/૩, ની ક્ષેત્રફળ હે.૦-૬૨-૦૦ ચો.મી. ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫ (વેસું-ભીમરાડ) ફા.પ્લોટ નં.૮૧ ની ૪૩૪૩-૦૦ ચો.મી વાળી જમીનમાં રહેણાંકનાં હેતુ માટે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી આપવા હરકત સરખુ ન હોય પ્રથમ રૂપાંતરકર વસુલ કરી બીનખેતી પરવાનગી આપવા અત્રેથી નિર્ણય લીધેલ છે, તે મુજબ જમીન ધારકોને આમુખ-૮ માં જણાવેલ સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૨૨/૦૪/૦૩ નાં પરિપત્રની જોગવાઇ અનુસાર તથા સુધારેલા જમીન મહેસુલ કાયદાની કલમ-૬૭(એ)(૩) મુજબ ખેતીની જમીન રહેણાંકનાં હેતુ માટે બીનખેતીમાં રૂપાંતરકર પ્રતિ ચો.મી.નાં રૂ.૧૦/- લેખે ૪૩૪૩-૦૦ ચો.મી. જમીનનાં રૂ.૪૩,૪૩૦/- (અંકે રૂપીયા તેતાલીસ હજાર ચારસો ત્રીસ પૂરા) સરકારશ્રી ખાતે ભરપાઇ કરવાં જણાવતાં તેઓએ આ રકમ સ્ટેટ બેક ઓફ ઇન્ડિયા, નાનપુરા શાખામા આમુખ-૧૦ માં જણાવેલ ચલણથી જમા કરાવી ચલણની એક પ્રત રજુ કરેલ છે. તદઉપરાંત જમીનધારકોએ આમુખ-૯ માં જણાવેલ સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૨૯/૦૩/૦૮ ના જાહેરનામા અનુસાર અને જમીન મહેસુલ નિયમોનાં નિયમ-૮૧ મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તાર વર્ગ-'એ' માં સમાવિષ્ટ થયેલ હોય રહેણાંકનાં હેતુ માટે વિશેષધારો પ્રતિ ચો.મી.નાં રૂ.૦.૨૫ પૈસા લેખે ૪૩૪૩-૦૦ ચો.મી. જમીનનો બીનખેતી આકાર રૂ.૧,૦૮૬/- (અંકે રૂપીયા એક હજાર છયાંસી પુરા) તથા તે ઉપર લેવા પાત્ર શિક્ષણ ઉપકર તથા લોકલ ફંડ શેષ તથા અન્ય કર હુકમનાં વર્ષ ૨૦૧૪-૧૫ થી ભરપાઇ કરવાની શરતે તેમજ નીચે જણાવેલ શરતોને આધાન ૪૩૪૩-૦૦ ચો.મી. જમીનમાં રહેણાંકનાં હેતુ માટે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે.

શરતો:-

(૧) આ હુકમ થયાની તારીખથી ૬ માસમાં ખેતી સિવાયનું કૃત્ય શરૂ કરી તેની લેખિત જાણ મામલતદારશ્રી સુરત સીટી (મજુરા વિસ્તાર) ને કરવી પડશે.

(૨) આ હુકમની તારીખથી દિન-૧૫ માં અરજદારશ્રીએ સુરત મહાનગરપાલિકા, સુરતની કચેરીમાં વિકાસ પરવાનગી માટે રજુ કરેલ અરજી સંબંધે વિકાસ પરવાનગી મેળવી બાંધકામ કરવાની રજા ચિઠ્ઠી તથા મંજુર કરેલ બાંધકામનાં પ્લાન મેળવી લેવાનાં રહેશે.તથા તેમા દર્શાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તદઉપરાંત તે રજાચિઠ્ઠિ તથા તે લગત મંજુર પ્લાનના ૩(ત્રણ) સેટની સર્ટીફાઇડ નકલ અત્રે દિન-૧૫ માં રજુ કરવાની રહેશે.

Scanned by CamScanner

મોજે તેઓ તા.સુરત સીટી, જી.સુરતના સ.ન.૧૫૦/૩ ના ક્ષેત્રફળ [illegible] ચો.મી. [illegible]
પ્લોટ નં.૨૧ ની ૪૩૪૩-૦૦ ચો.મી વાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે અત્રેની કચેરીના હુકમ
નં.ચૅમ્બર/સી.એસ.આર.નં.૩૨૮/૧૩(૨૦૧૦ [illegible] ૧૦૪૪૪જાવી.૪૬૬૬ થી ૪૬૮૦/૧૪ તા.૨૬/૧૨/૨૦૧૪

(૩) જમીન માપણી સારૂ જિલ્લા ઇન્સ્પેક્ટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, સુરતની કચેરીમાં માપણી ફી રૂ.૧,૮૦૦/- ચલણ નંબર.૪૦૫/૧૪-૧૫ તા.૦૭/૧૧/૨૦૧૪ થી જમા કરાવેલ છે. જેથી માપણી કરી/કરાવી આ હુકમ આધારે તેમજ મંજુર કરેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું/કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકની મહેસુલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન/પ્લોટ નું રજી.દસ્તાવેજ થી કરેલ વેચાણ વ્યવહારનાં અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૪) આ હુકમની શરત-૨ મુજબની મહાનગરપાલિકાની રજાચિઠ્ઠી તથા તે લગત મંજુર કરેલ પ્લાનમાં દર્શાવ્યા મુજબનાં ક્ષેત્રફળ ૪૩૪૩-૦૦ ચો.મી. જમીનમાં ખેતી સિવાયનાં પ્લોટ પૈકી બાંધકામ માટે દર્શાવેલ મુજબનાં નિયત ક્ષેત્રફળ કરતાં વધુ જમીનમાં અત્રેની પરવાનગી વગર બાંધકામ કરવું નહિ અને બાકીની જમીન આકાશ તરફ ખુલ્લી રાખવી પડશે.

(૫) આ હુકમની શરત-૨ માં દર્શાવ્યા મુજબ મેળવેલ સુરત મહાનગરપાલિકાની રજા ચિઠ્ઠીની મુદત પુર્ણ થયેથી અને જરૂર જણાયે મુદત લંબાવવા અંગેની પરવાનગી લેવાની રહેશે.

(૬) સુરત મહાનગરપાલિકા, સુરત તરફથી રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાન આપવામાં ન આવે ત્યાં સુધી સવાલવાળી જમીન ઉપર કોઇ પણ પ્રકારનું બાંધકામ ચાલુ કરી શકાશે નહિ.

(૭) નકશામાં દર્શાવ્યા મુજબના માપો તથા માર્જીનો સ્થળે જાળવવાના રહેશે.

(૮) લેન્ડ રેવન્યુ કોડની કલમ-૪૮(૪) હેઠળ કલેકટરશ્રીની અગાઉની લેખિત પરવાનગી મેળવ્યા સિવાય મંજુર જમીનનો તથા બાંધકામનો રહેણાંકનાં હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ થઇ શકશે નહિ.

(૯) આ જમીનમાં તમામ પ્રાથમિક સુવિધાઓ જેવી કે, રસ્તા, પાણી, ગટરલાઇન, ખાળકુવો, વીજળી, વરસાદી પાણીનો નિકાલ વિગેરે સુવિધાઓ અરજદારશ્રીએ પુરી પાડવાની રહેશે.

(૧૦) કબ્જેદારે ખેતી સિવાયનું કૃત્ય કર્યાની તારીખથી એક માસમાં ગામે તલાટી મારફત કૃત્ય શરૂ કર્યાની લેખિત ખબર આપવી પડશે. જો તેમ કરવામાં કસુર થશે તો બિનખેતી ધારો ઉપરાંત દંડની રકમ લેવામાં આવશે.

(૧૧) કબ્જેદાર/અરજદારે પોતાનાં ખર્ચે સર્વે ખાતા મારફતે ખેતી સિવાયનાં પ્લોટની માપણી ત્રણ માસમાં કરાવવી પડશે. સર્વે ખાતા તરફથી માપણી થયા મુજબ ક્ષેત્રફળ અને આકારમાં જે કાંઇ ફેરફારને પાત્ર થાય તે ફેરફારને પાત્ર રહેશે. તથા સર્વે ખાતાને માપણીનાં કામે જરૂરી રજાચિઠ્ઠી તથા તે લગત મંજુર પ્લાનની નકલ અરજદારશ્રીએ મુદત અંદર પુરી પાડવાની રહેશે.

(૧૨) જે ક્ષેત્રફળની જમીન બિનખેતી કરાવી કે તેના ૭/૧૨ માં અસર આપવાની રહેશે અને બીનખેતી પરત્વે સીટી સર્વે દફતરે પણ તેટલા એરીયાની નોધ કરવાની રહેશે.

(૧૩) કબ્જેદારે ખેતી સિવાયનું કૃત્ય ચાલુ કર્યાની તારીખથી અપીલનો સમય પુરો થયા બાદ બે માસની મુદતમાં નમુના "એમ" માં આ હુકમમાં જણાવેલ તમામ શરતો સહીતની સનદ કરી આપવી પડશે અને આ પરવાનગીની સનદમાં જણાવેલ શરતોને આધિન રહેશે.

(૧૪) કુવાથી ૧૦૦ ફુટ અંદર નજીક ખાળકુવો બાંધવો નહિ તેમજ ખાળકુવાનો ઉપયોગ કરવો નહિ.

(૧૫) મંજુર કરેલ ખેતી સિવાયનાં પ્લોટની જમીનની આજુબાજુ કંપાઉન્ડ બાંધવાનો પ્રસંગ ઉભો થાય તો સાડા ત્રણ ફુટથી વધુ ઉંચાઇએ બાંધવુ નહિ, રસ્તા તરફની બાજુએ દિવાલ બાંધવી હોયતો બાંધકામ ઓથોરીટીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બાંધવી નહિ.

(૧૬) આ હુકમની તારીખથી ૩(ત્રણ) વર્ષમાં બાંધકામ પુરૂં કરવુ પડશે. બાંધકામ પુરૂ કરી એક માસમાં તેની જાણ મામલતદાર સીટી (મજુરા વિસ્તાર) ને કરવી પડશે. બાંધકામ મુદત અંદર પુરુ કરવામાં ન આવશે તો મુદત માટે અરજી કરવાની રહેશે.

(૧૭) બાંધકામમાં સહેલાઇથી બળી જાય તેવા સ્ફોટક પદાર્થો યા સાધનોનો ઉપયોગ કરવો નહિ.

(૧૮) રૂપાંતરકર ની રકમ રૂ.૪૩,૪૩૦/- ચલણ નં.૧૧૦/૨૦૧૪ તા.૧૩/૧૦/૨૦૧૪ થી ભરપાઇ કરવામાં આવેલ છે, જે જીલ્લા તિજોરી અધિકારીની કચેરીમાં ખરાઇ માટે રજુ કરેલ છે. જે ખરાઇનો રીપોર્ટ બંધનકર્તા રહેશે.

(૧૯) સદરહું જમીન સક્ષમ અધિકારીની પરવાનગી વગર કોઇ પણ વિદેશીને કે જે ભારતનાં નાગરિક ન હોય તેને વેચી શકશે નહિ

Scanned by CamScanner

(૨૦) બાંધકામ પુરૂ થયે ૧(એક) માસમાં તેની જાણ મામલતદારશ્રી, સીટી તાલુકા (મજુરા વિભાગ)ને તેમજ સીટી સર્વે સુપ્રિ.શ્રી નં.૪, સુરત ને કરવાની રહેશે.

(૨૧) અરજદારશ્રી સૂચિત બાંધકામ કે જમીન જે તે સંસ્થા કે ઇસમને ભાડે કે વેચાણથી આપેતો હુકમમાં દર્શાવેલ તમામ શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ વેચાણ કે ભાડાખતમાં તમામ શરતોનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૨) સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૨૯/૦૫/૨૦૦૧ ના હુકમ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૧/૪૫૫/લ માં સ્ટ્રકચરલ સેફ્ટી માટે દર્શાવેલ જોગવાઇઓ અને તે સાથે સામેલ એનેક્ષર એકસ-૧ થી દર્શાવેલ સ્ટ્રકચરલ સેફ્ટી સંબંધી વિકાસ નિયંત્રણ નિયમોનું પાલન કરવાનું રહેશે અને તથા તે અનુસારના બાંધકામ માટે સ્થાનિક નગરપાલિકાની પૂર્વ મંજૂરી લઇ ત્યારબાદ જ બાંધકામ શરૂ કરવાનું રહેશે અને અરજદારશ્રી ધ્વારા હુકમની જોગવાઇઓનું પાલન થાય છે કે કેમ તે અંગેની તકેદારી સુરત મહાનગર પાલિકાએ રાખવાની રહેશે અને કોઇપણ શરતોનો ભંગ થશે તો બિનખેતીની પરવાનગીની શરતનાં ભંગ બદલ અત્રે પણ સુરત મહાનગરપાલિકાએ રીપોર્ટ મોકલવાનો રહેશે તથા સુરત મહાનગરપાલિકાએ પણ ધોરણસરની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૩) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક:બખપ/૧૦૨૦૦૨/૧૯૦૭/ક તા:૨૮/૦૨/૦૩ ની સુચના મુજબ "વરસાદી પાણીના ભુર્ગભ વહન/સંચય માટે દર મકાન/બહુમાળી મકાન નકશા મંજુર કરવાની સત્તા ધરાવતા સત્તા તંત્રએ આપેલ મંજૂરી મુજબ ઠીક એકના દરે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે."

(૨૪) આ પરવાનગી ફકત રહેણાંકનાં હેતુ માટે બિનખેતીના હેતુસર આપવામાં આવે છે. પરંતુ અન્ય ખાતાઓની સંલગ્ન કોઇ કાનુન/નિયમો અન્વયે કોઇ પરવાનગી/મંજૂરી લેવાની થતી હોય તો તે મેળવવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૨૫) પ્રશ્નવાળી જમીન બિનખેતી કરવામાં આવે છે. જેમાં સુરત મહાનગરપાલિકા સુરત ધ્વારા તેમના નિતિનિયમોનુસાર જેટલું બાંધકામનો પ્લાન મંજુર કરવામાં આવે તે માન્ય ગણવાનો રહેશે.

(૨૬) આ જમીનમાંથી પેટ્રોલીયમ/પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટીએ સંબધિતોનું એન.ઓ.સી. મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૨૭) બિનખેતી પરવાનગી આપેલ આ જમીનના આકાશી ભાગમાંથી ઇલેકટ્રીક હાઇટેન્શન તથા લો-ટેન્શન લાઇન પસાર થતી હોય તો જમીનધારકોએ જે હકીકત બાંધકામના પ્લાન મંજુર કરી વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટી સમક્ષ જાહેર કરી પ્રથમ સંબંધિત ખાતાનું એન.ઓ.સી. મેળવી તે ધ્યાનમાં લઇને બાંધકામનાં પ્લાન મંજુર કરવાનાં રહેશે તથા જમીનધારકોએ આ બાબતે સંબંધિત વિભાગ/ખાતા ધ્વારા આપવામાં આવતી એન.ઓ.સી. માં જણાવેલ શરતોનું તથા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૮) આ પરવાનગીથી જમીનના માલિકી હકક બાબતે કોઇ તકરાર ભવિષ્યમાં ઉપસ્થિત થાય તો તેમાં પરવાનગી આપનારની કોઇ જવાબદારી રહેશે નહિ.

(૨૯) આ પરવાનગી સુરત મહાનગર પાલિકા કચેરીમાં ભરવાના થતાં ઇન્ક્રીમેન્ટલ ચાર્જિસ (આઇ.સી) ના નાણાં ભરવાની શરતે બિનખેતી પરવાનગી આપવામાં આવે છે.

(30) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવનાં ક્રમાંક:બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૫/૦૭/૦૮ નાં ઠરાવથી પરિશિષ્ટ-૪ થી નિયત કરેલ નીચે જણાવેલ શરતોનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ, સુરત ધ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેનો ઉપર મુળ ટીપ્પણી ની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજુ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાવેલ હોવો જોઇશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહિ.

Scanned by CamScanner

(૩) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજુર થઇ ગયેલ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગનાં નિયમોનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્ય ની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી રહેશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોયતો બાંધકામ કરતા પહેલા જીલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ફલોર મીલ, સિનેમા/ટુરીંગ સિનેમા/થીયેટર માટે બીનખેતી પરવાનગીના ક્રમે જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી, એલ.પી.જી. પંપ નાખવા માટે બિનખેતી પરવાનગી ક્રમે બાંધકામ શરૂ કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઇન્ડીયન એક્ષપ્લોઝીવ અન્વયે મેગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતી ની કાર્યવાહી કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનુ રહેશે.

(૧૧) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વે હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડનાં તાર/હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનં રહેશે.

(૧૩) બિનખેતી માંગવામાં આંવી હોય તેવી જમીનનો એરોડ્રામ આસપાસનાં ૨૦ કિ.મી. ની ત્રિજ્યામાં આવતી હોય ત્યારે બાંધકામ ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ "ના વાંધા પ્રાણપત્ર" સીવીલ એવીનેશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાનાં નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ભારતીય વાયુસેના હવાઇ મથક તથા ઇનસ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૫) ઓ.એન.જી.સી. ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૬) નર્મદા કેનાલ/અન્ય સિચાંઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સુચિત બાંધકામ માટે જાળવવાનાં થતા અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) અરજદારે જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારક થી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારે જયાં જરૂરી હોય ત્યા ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાનાં અંતર બાબતની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઇપણ વિસ્તારની હદથી જાળવવાનાં થતા અંતર બાબતની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૩૧) અરજદારે ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ બદલ સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

Scanned by CamScanner

શિક્ષાત્મક કલમો:-

(૩૧-અ) અરજદાર ઉપરોકત કોઇ પણ શરતનો ભંગ કરે તો કલેકટર સદરહુ કાયદાના ઠરાવો અન્વયે અરજદાર બીજી કોઇ પણ શિક્ષાને પાત્ર હોય તો તેને બાધ આવ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૩૧-બ) ઉપરોકત પેટા કલમમાં ગમે તે મજકુર હોય તે છતાં કલેકટરશ્રી સદરહુ હુકમ વિરુધ્ધ બાંધેલ અથવા વધારાના કોઇ પણ બાંધકામને કલેકટરશ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમ્યાન ખસેડવાનું અથવા તેમા ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન તેવી રીતે ખસેડવામાં ન આવે તો તેમ કરાવવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

રવાના કર્યું

ચીટનીશ ટુ ધી કલેકટર સુરત

સહી/xxxx
(ડો. રાજેન્દ્રકુમાર)
કલેકટર સુરત

રજી.પો.એ.ડી. ધ્વારા

પ્રતિ,

(૧) શ્રી નટુભાઇ નારણભાઇ રહે.એ-૭૧, પૂર્વી સોસાયટી, હીરાબાગ, વરાછા રોડ, સુરત

(૨) શ્રી માવજીભાઇ પ્રેમજીભાઇ રહે. ૧૧૩, આદર્શ સોસાયટી, અઠવા લાઇન્સ, સુરત

(૩) શ્રી રાજેશભાઈ હીરાભાઈ (એચ.યુ.એફ) રહે. બી-૧, વનિતા રેસીડેન્સી, અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરત

૨/- સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરેલ વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર કરેલ બાંધકામ પ્લાન અસલ પ્રત સહીવાળી દિન-૧૫ માં રજુ કરવા સારૂ.

નકલ કામના કાગળ સહ રવાના : મામલતદારશ્રી,સીટી તાલુકા (મજુરા વિસ્તાર) તરફ

૨/- આ હુકમની ગામ દફતરે ફેરફાર નોધ પડાવી,ગા.ન.નં. ૨ તથા ૪ માં નોધ કરાવી વિશેષ ધારો વસુલ કરવા તેમજ સનદ "એમ" નમુનામાં તૈયાર કરી બે માસમાં બીનચુક રજુ કરવા સારૂ.

૩/- આ હુકમની શરત નં ૧૨ મુજબ ગામ દફતરે અમલ કરવા ઇ-ધરા નાયબ મામ.શ્રીને સુચના આપવા સારૂં.

નકલ રવાના: નાયબ મામલતદારશ્રી (ઇ-ધરા), મામલતદાર ક્ચેરી, સીટી તાલુકા (મજુરા વિસ્તાર) તરફ

૨/- આ હુકમની ગામ દફતરે ફેરફાર નોધ પાડી અમલ કરવા અને ફેરફાર નોધની નકલ સાથે મામલતદારશ્રી મારફત રીપોર્ટ કરવા સારૂ.

નકલ રવાના: સીટી તલાટીશ્રી, વેસું તા.સુરત સીટી(અડાજણ વિસ્તાર), જી.સુરત તરફ

૨/- આ હુકમની ગામ ન.નં ૨ તથા ૪ માં જરૂરી નોધ કરી ગા.ન.ન. ૬ માં નોધ પાડી વિશેષધારો વસુલ કરવા તથા બાંધકામ નિયત સમયમાં શરૂ થયેલ છે કે કેમ? તેની ખાત્રી કરી અત્રે જાણ કરવા સારૂ.

નકલ રવાના: જીલ્લા ઇન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડ, સુરત તરફ

૨/- જમીન ધારકોએ ચલણ નંબર.૪૦૭૫/૧૪-૧૫ તા.૦૭/૧૧/૨૦૧૪ થી માપણી ફી રૂ.૧,૮૦૦/- સરકારશ્રીમાં જમા કરાવેલ હોય સુરત મહાનગર પાલિકાએ આપેલ રજાચિઠ્ઠી તથા તે લગત મંજુર કરેલ પ્લાનની સર્ટીફાઇડ નકલ મેળવી માપણી કરી મામલતદારશ્રી ને જાણ કરવા સારૂ.

નકલ સવિનય રવાના: કમિશ્નરશ્રી સુરત મહાનગર પાલિકા સુરત તરફ

૨/- જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે સવાલવાળી જમીનની વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર પ્લાનની એક નકલ અત્રે મોકલવા સારૂ.

નકલ રવાના: નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત, સુરત તરફ

નકલ રવાના: મામલતદારશ્રી એન.એ.શાખા સુરત, તરફ

Scanned by CamScanner

મોજે.વેસું, તા.સુરત સીટી, જી.સુરતનાં સ.નં.૧૫૦/૩ ની ક્ષેત્રફળ હે.૦-૬૨-૦૦ ચો.મી. ફા.ટી.પી. સ્કીમ નં.૫ (વેસું-ભીમરાડ) ફા.પ્લોટ નં.૮૧ ની ૪૩૪૩-૦૦ ચો.મી વાળી જમીનમાં રહેણાંકનાં હેતુ માટે અત્રેની કચેરીનાં હુકમ નં.એ/બખપ/સી.એસ.આર.નં.૩૨૮/૧૩/(G)ID NO.10586/વશી.૩૬૬૬ થી ૩૬૮૦/૧૪ તા.૨૬/૧૨/૨૦૧૪

નકલ રવાના:- સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં.૪ સુરત

૧/- બીનખેતીની પરવાનગી આપેલ આ જમીનને જ્યારે પણ સીટીસર્વે લાગુ પડે ત્યારે આ હુકમનો અમલ સીટી સર્વે દફતરે કરવા સારૂ.

નકલ રવાના:- રેકર્ડ શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

૧/- રેકર્ડ શાખામાં હુકમનું રેકર્ડ રાખવા સારૂ.

પત્રક

બીનખેતી પરવાનગી આપેલ જમીનમાં સ.નં. તથા કબ્જેદારનું નામ	બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)	નિયત દર મુજબ લેવાનાં બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારના બીનખેતીનો ઉપયોગ તેની વિગત	વસુલ કરવાની બીનખેતી આકારની કુલ રકમ (રૂ.પૈસા)
(૧)	(૨)	(૩)	(૪)
(૧) નટુભાઇ નારણભાઇ (૨) માવજીભાઇ પ્રેમજીભાઇ (૩) રાજેશભાઈ હીરાભાઈ (એચ.યુ.એફ) મોજે.વેસું તા.સુરત સીટી જી.સુરત સ.નં.૧૫૦/૩, ક્ષેત્રફળ હે.૦-૬૨-૦૦ ચો.મી. ફા.ટી.પી સ્કીમ નં.૫ (વેસું-ભીમરાડ) ફા.પ્લોટ નં.૮૧ ની ૪૩૪૩-૦૦ ચો.મી. રહેણાંકનાં હેતુ માટે	૪૩૪૩-૦૦ ચો.મી રહેણાંકના હેતુ માટે	રહેણાંકનાં હેતુ માટે પ્રતિ ચો.મી.નાં રૂ.૦.૨૫ પૈસા	રૂ.૧૦૮૬/- (અંકે રૂપિયા એક હજાર છયાસી પૂરા)
રૂપાંતર વેરો લેવાનો થતો હોય તો તેની રકમ	શિક્ષણ વેરો લેવાનો થતો હોયતો તેની રકમ	અન્ય કોઇ વેરો વસુલ કરવાનો થતો હોયતો તેની રકમ	કોલમ નં.૪,૬,૭ ના વેરા કઇ તારીખથી લેવાના થાય છે.
(૫)	(૬)	(૭)	(૮)
રહેણાંકનાં હેતુ માટે પ્રતિ ચો.મી.નાં રૂ.૧૦/- લેખે ૪૩૪૩-૦૦ ચો.મી. નાં રૂ.૪૩,૪૩૦/- ચલણ નં.૧૧૦/૨૦૧૪ તા.૧૩/૧૦/૨૦૧૪ થી જમા	નિયમ મુજબ	લોકલ ફંડ શેષ નિયમ મુજબ	સને ૨૦૧૪-૧૫

ક્રમાંક: એ/બખપ/સી.એસ.આર.નં.૩૨૮/૧૩/
(G)ID NO.10586/વશી.૩૬૬૬ થી ૩૬૮૦/૧૪
બી-બ્લોક, પાંચમી માળ, ચીટનીશ શાખા,
કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન-૨,
અઠવા લાઇન્સ, સુરત તા.૨૬/૧૨/૨૦૧૪

રવાના કર્યું
ચીટનીશ ટુ ધી કલેકટર સુરત

સહી/xxxx
(ડો. રાજેન્દ્રકુમાર)
કલેકટર સુરત

Scanned by CamScanner